**નવસારીના મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની અદાલતમાં,**
**મુ. નવસારી, જી. નવસારી**

સ્પેશ્યલ દિવાની મુકદમા નં. ૧૨/૨૦૨૧.

:: **<u>આંક – ૧ નીચે હુકમ</u>** ::

કામ હાથ ઉપર લીધું. પોકાર કરતા વાદી તરફે વકીલશ્રી હાજર છે. વાદી તરફે આંક–૧ થી મુદ્દત અરજી આપવામાં આવેલ છે જે નામંજુર કરવામાં આવેલ છે. સદર દાવો દાવો દાખલ થયો ત્યારથી આજદિન સુધી પ્રતિવાદીને સમન્સની બજવણી થઈ શકેલ નથી. વાદી તરફે વકીલશ્રીએ આંક–૧૪ થી તારીખ : ૨૨–૮–૨૦૨૨ ના રોજ પ્રતિવાદીનું નવું સરનામું રજુ કરેલ હતું અને તે સરનામે પણ સમન્સ કાઢવામાં આવેલા હતા અને તે સરનામે પણ પ્રતિવાદીને સમન્સ બજવણી થયેલ નથી. આમ વાદી તરફે પ્રતિવાદીનું તે પછી નવીન સરનામું આપવામાં આવેલ નથી. આમ પુરતો, વ્યાજબી અને ન્યાયી સમય આપવા છતાં વાદી પ્રતિવાદીનું નવીન સરનામું રજુ કરી શકેલ નથી કે પ્રતિવાદીને સમન્સની બજવણીની કોઈ નકકર કાર્યવાહી કરી નથી. વધુમાં વાદી તર્ફે આજદિન સુધી પ્રતિવાદીનું સરનામાનો ખુલાસો કરેલ નથી કે પ્રતિવાદી ના સમન્સ–નોટીસની બજવણી માટેના કોઈ જ પ્રયત્નો કરવામાં આવેલ નથી. જે સરનામું આપવામાં આવેલ તે સરનામે પણ પ્ર તિવાદીને બજવણી થઈ નથી. રેકર્ડ જોતાં વાદીને પ્રતિવાદી નાઓને સરનામાના ખુલાસા કરવા તથા સમન્સ–નોટીસની બજવણી કરાવવા માટે સુચના આપવા છતાં વાદી તર્ફે કોઈ પણ રીતે સમયમાર્યાદામાં બજવણીના પ્રયત્નો કરવામાં આવેલ નથી. આમ વાદી તરફે માત્ર મુદ્દત અરજી આપવાથી માગ્યા મુજબની તારીખો આપવી કોઈ રીતે ઉચિત નથી. આમ નિયત સમયમર્યાદામાં સમન્સ–નોટીસ બજાવેલ ન હોવાથી પ્રતિવાદી સામેનો દાવો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૨૦ મી માહે : ફેબ્રુઆરી સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

નવસારી.
તારીખ : ૨૦/૦૨/૨૦૨૩.

**ભટ્ટ જીજ્ઞેશકુમાર જનાર્દન**
મુખ્ય સિનિયર સિવિલ જજ,
નવસારી, કોડ નં.જીજે૦૦૭૫૦.